# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 28-07-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચાર રજૂ કરશે.
- ✓ કેન્દ્રીય મંત્રી હરદિપસિંહ પુરીએ જણાવ્યું છે કે, છેલ્લા દસ વર્ષમાં કેન્દ્ર સરકારે ગુજરાતને આર્થિક સહાયમાં 340 ટકાનો વધારો કર્યો
- ✓ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું છે કે, વિકસીત ભારત અને વિકસીત ગુજરાતના ધ્યેય સાથે ગુજરાત@2047 રોડમેપ તૈયાર કરાયો છે.
- ✓ રાજ્યમાં ભારે વરસાદને પરિણામે ઉદભવેલ પરિસ્થિતિમાં રોગચાળો ના પ્રસરે તે માટે સઘન સફાઈ ઝુંબેશ શરૂ થઈ છે.
- ✓ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવતીકાલે સાપુતારા મેઘ મલ્હાર પર્વ 2024નો પ્રારંભ કરાવશે.
- ✓ ગુજરાતની ટેબલ ટેનિસ ખેલાડી પ્રથા પવારે WTT યુથ કન્ટેન્ડર અમ્માન જોર્ડનમાં રજત ચંદ્રક જીતી લીધો છે.

## MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચાર રજૂ કરશે. સવારે અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ આ કાર્યક્રમનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ

આકાશવાણી કેન્દ્ર પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમ જ માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

.................

## HARDIP SINGH PURI ON BUDGET

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપસિંહ પુરીએ જણાવ્યું છે કે, કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલું અંદાજપત્ર એ ભારતને 2047 સુધીમાં વિશ્વના ટોચના ત્રણ અર્થતંત્રમાંનું એક બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

અમદાવાદમાં ગઇકાલે પત્રકાર પરિષદને સંબોધતા શ્રી પુરીએ બિહાર અને આંધ્રપ્રદેશને જ અંદાજપત્રમાં વિશેષ સહાય આપી હોવાના વિરોધપક્ષના આરોપને વખોડી કાઢ્યો હતો. તેમણે જણાવ્યું કે, છેલ્લા 10 વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને મળતી આર્થિક સહાયમાં 340 ટકાનો વધારો થયો છે. સેમિ-કન્ડક્ટર, પવન ઊર્જા પ્લાન્ટ સહિતના કેટલાક વિકાસકાર્યો રાજ્યને ફાળવવામાં આવ્યા છે.

શ્રી પુરીએ કહ્યું કે, અંદાજપત્ર યુવાનોને કૌશલ્ય પ્રદાન કરીને તેમને પગભર બનાવવા, માળખાકીય વિકાસને મજબૂત બનાવવા તેમ જ ઊર્જાના ટકાઉ સંશાધનો વિકસાવવા પર વિશેષ ભાર મૂકે છે.

.................

## CM NITI AAYOG

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં આયોજિત નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સીનલની નવમી બેઠક સંપન્ન થઇ હતી. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વિકસિત ભારત@૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના ધ્યેય મંત્ર સાથે રાજ્ય સરકારે ગુજરાત@૨૦૪૭ રોડમેપ તૈયાર કર્યો છે તેમ પણ તેમણે બેઠકમાં જણાવ્યું હતું.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ લક્ષ્યો સિદ્ધ કરવા માટેની થિંક ટેંક તરીકે ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સ્ફો મૅશન-GRIT(ગ્રિટ)-ની સ્થાપના કરવાની નેમ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીએ પી.એમ. ગતિશક્તિ, આરોગ્ય, નારી ગૌરવનીતિ, શ્રીઅન્ન, પ્રાકૃતિક ખેતી, ડિજિટલ એગ્રીકલ્ચર મિશન, એમ.એસ.એમ.ઈ., અમૃત સરોવર જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં રાજ્ય સરકાર દ્વારા થઇ રહેલી કામગીરીને વર્ણવી હતી.

ગુજરાતમાં દેશની પ્રથમ સેમિકન્ડક્ટર ચીપનું ઉત્પાદન,સેમિકન્ડક્ટર્સ, બ્લોકચેઈન અને એ.આઈ. વગેરે જેવા ભવિષ્યના ક્ષેત્રોમાં આજની યુવા પેઢીને તાલીમબદ્ધ કરવાના પ્રયાસો પર રાજ્ય સરકારે ફોકસ કર્યો હોવાનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. ખેતી, બિન ખેતી તેમજ પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે ગુજરાતમાં થઇ રહેલી કામગીરીને બેઠકમાં વર્ણવી હતી.

.................

## Varsad Safai

રાજ્યમાં ભારે વરસાદને પરિણામે ઉદભવેલ પરિસ્થિતિમાં રોગચાળો ના પ્રસરે તે માટે સઘન સફાઈ ઝુંબેશ શરૂ થઈ છે. વહીવટીતંત્ર દ્વારા રાહત અને બચાવની કામગીરી પણ ચાલુ છે.

વડોદરા શહેર નજીક વડસરમાં પાણી ભરાવાના કારણે સોસાયટીમાં ફસાયેલા લોકોને સલામત બહાર કાઢવાનું અભિયાન ચાર દિવસથી ચાલુ છે.

રાષ્ટ્રીય આપદા મોચન દળના જવાનો દ્વારા સાત વ્યક્તિને બોટમાં બેસાડી સલામત બહાર કાઢવામાં આવી હતી. અત્યાર સુધીમાં બે હજાર 241 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાયું છે.

આ ઉપરાંત માનવ મૃત્યુ, માનવ ઇજા, મકાન નુકસાની, પશુમૃત્યુ, કેશ ડોલ્સ સહાય ચૂકવણી માટે સર્વેની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે.

આ ઉપરાંત નવસારી તાલુકાના આર્મી ગામના આશ્રયસ્થાને ખાતે 135 લોકો માટે જમવાની વ્યવસ્થા કરાઈ છે. જિલ્લામાં અંદાજે 12 હજાર જેટલા ફૂડ પેકેટની વ્યવસ્થા કરી અસરગ્રસ્તોને સહાય પહોંચાડવામાં આવી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદના કારણે 303 લોકોનું સ્થળાંતર કરાયું છે, 24 પશુમૃત્યુ થયા છે જે માટે સહાયની ચૂકવણી કરાઈ છે. જિલ્લામાં 946 વીજપોલ ક્ષતિગ્રસ્ત હતા તેના સમારકામની કામગીરી પૂર્ણ થઈ છે. હવે જનજીવન સામાન્ય બન્યું છે.

રોગચાળો પ્રસરે નહીં તે માટે વિવિધ સ્થળે વહીવટીતંત્ર દ્વારા સફાઈ ઝુંબેશ, દવા છંટકાવ, ક્લોરિનેશનની કામગીરી હાથ ધરાઈ છે.

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.................

## CM Saputara

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આવતીકાલે સાપુતારા મેઘ મલ્હાર પર્વ 2024નો પ્રારંભ કરાવશે.

રાજ્યનું ડાંગ જિલ્લાનું ગિરિમથક સાપુતારા ચોમાસાની આ ઋતુમાં સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. ગુજરાત સહિત દેશ-વિદેશના અનેક લોકો વર્ષાઋતુમાં પ્રકૃતિમાં સૌંદર્યને નિહાળવા અહીં આવે છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા આવતીકાલથી એક મહિના સુધી સાપુતારા મેઘ મલ્હાર પર્વ 2024નું આયોજન કરાયું છે.

આ ઉપરાંત સાપુતારા આવતા પ્રવાસીઓ શબરીધામની પણ મુલાકાત લે છે. સુબીર ગામથી પૂર્વ દિશામાં આશરે ત્રણ કિ.મી.ના અંતરે શબરીધામ આવેલું છે. જે

સ્થળનો ભગવાન રામ સાથે ખાસ સંબંધ છે. અને આ જ સ્થળે ભગવાન રામ અને શબરીની મુલાકાત થઈ હોવાનો ઉલ્લેખ રામાયણમાં છે.

શબરીધામ ખાતે યાત્રાળુઓની સુવિધા માટે 10 કરોડ રૂપિયાના ખર્ચે વિકાસ કાર્યો હાથ ધરાયા છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા પ્રથમ તબક્કાના ચાર કરોડ 89 લાખ રૂપિયાના કામો પૂર્ણ થયા છે જેમાં યાત્રી નિવાસ, ભોજનશાળા, શૌચાલયો વગેરેનો સમાવેશ થાય છે.

.................

## Kulinchandra Yagnik passed away

ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના પ્રથમ કુલપતિ તરીકે સેવા આપીનાર ડૉ. કુલીનચંદ્ર યાજ્ઞિકનું ૯૭ વર્ષની જૈફ વયે તેમના વતન નડિયાદ ખાતે ગઇકાલે નિધન થયું છે.

પાટણ યુનિવર્સિટી કેમ્પસ ખાતે સ્વ કુલિનચંદ્ર યાજ્ઞીકના માનમાં શ્રધ્ધાંજલિ સભાનું આયોજન કરાયું હતું જેમાં વર્તમાન કુલપતિ, રજીસ્ટ્રાર તેમજ અધિકારીઓ, વિવિધ વિભાગોના અધ્યાપકો અને કર્મચારીઓ દ્વારા બે મિનિટ મૌન પાળીને તેમને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

કુલપતી પ્રો. કિશોર પોરીયાએ જણાવ્યું કે, સ્વ યાજ્ઞિક ૧૯૮૫માં રાજ્યના મુખ્ય શિક્ષણ સચિવ હતા ત્યારે તત્કાલીન સરકારે તેમને ઉત્તર ગુજરાતમાં યુનિવર્સિટી શરૂ કરવાની કામગીરી સોંપી હતી. જે સંપૂર્ણ થતા ૧૯૮૬થી ૧૯૯૨ સુધીની બે ટર્મ દરમ્યાન કુલીનચંદ્ર યાજ્ઞિકને આ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ બનાવા હતા..

પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે સ્વ યાજ્ઞીક ૧૯૫૧થી સૌરાષ્ટ્ર સરકારમાં માહિતી મદદનીશ તરીકે જોડાયા હતા. ત્યારબાદ મામલતદાર તેમજ ૧૯૭૩થી આઇએએસ કક્ષામાં નિયુક્ત થયા હતા અને રાજ્યપાલના સચિવ, મુખ્યમંત્રીના અગ્રસચિવ, ઉદ્યોગ વિભાગના સચિવ તથા શિક્ષણ સચિવ તરીક ફરજ બજાવી હતી. આ ઉપરાંત તેમણે ડાંગ, ભરુચ અને વડોદરા જિલ્લામાં કલેક્ટર તરીકે પણ સેવાઓ આપી હતી.

.................

## Guj. Pratha Pawar

ગુજરાતની ટેબલ ટેનિસ ખેલાડી પ્રથા પવારે WTT યુથ કન્ટેન્ડર અમ્માન જોર્ડનમાં રજત ચંદ્રક જીતી લીધો છે.

પ્રી ક્વાર્ટરની ફાઈનલ મેચમાં પ્રથાએ ઇરાનની સરીનાને 3-0થી હરાવી હતી, જે પછી ઇજિપ્તની દલિલાને પણ 3-0થી હરાવીને સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું.

સેમિફાઈનલમાં તેણે હોંગકોંગની યુંગને પણ 3-0થી હરાવી હતી. ફાઈનલ મેચમાં પ્રથાને રજત ચંદ્રક મળ્યો હતો.

.................

## NARMADA - RAKHADI TALIM

ડેડિયાપાડા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે વ્યવસાયલક્ષી ઈકો- ફ્રેન્ડલી રાખડી બનાવવાની તાલીમની શરૂઆત કરાઈ છે. જેમાં આદિવાસી બહેનો દ્વારા અવનવી ઈકો-ફ્રેન્ડલી રાખડી બનાવવામાં આવે છે.

અહીં ઈકો-ફ્રેન્ડલી રાખડી બનાવવાની વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવે છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના મહિલા વૈજ્ઞાનીક મિનાક્ષી તિવારીએ બહેનોને આત્મનિર્ભર બનવા અને લોકલ ફોર વોકલ માટે પ્રેરિત કર્યા હતા. અહી વાંસની રાખડી, ઉનમાંથીબનાવેલી રાખડી અને ગાયના છાણ માંથીબનાવેલી ઇકો ફ્રેન્ડલી રાખડીની તાલીમ આપવામાં આવી હતી, જેમાં ડેડીયાપાડા અને સાગબારા તાલુકાના ૧૫ જેટલા બહેનો હાજર રહ્યા હતા.

.................

## Bhavnagar - Railway

ભાવનગર ડિવિઝનના સીનીયર ડીસીએ માશૂક અહમદના જણાવ્યા મુજબ મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલ્વેએ ભાવનગર મંડળ થઈને ચાલતી ભાવનગર-બાંદ્રા-ભાવનગર સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનની ફ્રિકવેન્સી ઓગષ્ટ-2024 સુધી લંબાવવાનો નિર્ણય લીધો છે. દર ગુરુવારે ભાવનગર-બાંદ્રા સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ જેનો સમયગાળો 25 જુલાઈ હતો, તેને વધારીને 29 ઓગસ્ટ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે, દર શુક્રવારે બાંદ્રા-ભાવનગર સુપરફાસ્ટ સાપ્તાહિક સ્પેશિયલ,

જેનો સમયગાળો 26 જુલાઈ હતો, તેને વધારીને 30 ઓગસ્ટ કરવામાં આવ્યો છે. આ ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો રેલ્વે વેબસાઇટ ની મુલાકાત લઈ શકે છે.

.................